GJAR040000282014	सत्यमेव जयते	કેસ દાખલ થયાની તા.	૩૦/૦૮/૨૦૧૪
		કેસ રજીસ્ટર્ડ થયાની તા.	૩૦/૦૮/૨૦૧૪
		ઠરાવ જાહેર થયાની તા.	૨૭/૦૪/૨૦૨૬
		સમયગાળો:વર્ષ– ૧૧, મહિનો–૧૧, દિવસ– ૨૮	

મેઘરજ તાલુકાના મહેરબાન એડી. સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ

રે.મુ.નં ૨૫/૧૪

રે.મુ.નં ૨૭/૧૪

આંક–

રે.મુ.નં ૨૫/૧૪

વાદી:– લલીતાબેન શંકરભાઈ તરાળ

ઉ.આ.વ– ૪૪, ધંધો– નોકરી,

રહે:– મુ.પો. ઇટવા, તા. મેઘરજ, જી. અરવલ્લી.

વિરૂધ્ધ

પ્રતિવાદી:– (૧) તૈયબાબેન અહેમદભાઈ ડાહ્યા તે

ડાહ્યા અહેમદભાઈ ગફુરભાઈની પત્ની

ઉ.આ.વ.:– ૪૫

(૨) મહમદભાઈ અહેમદભાઈ ડાહ્યા

(૩) મકસુદભાઈ અહેમદભાઈ ડાહ્યા

(૪) હમીદાબેન અહેમદભાઈ ડાહ્યા

(૫) અફસાનાબેન અહેમદભાઈ ડાહ્યા

તમામ, પુખ્તવયના, રહે:- મેઘરજ, ઘંચીવાડા,

તા. મેઘરજ, જી. અરવલ્લી

<u>રે.મુ.નં ૨૭/૧૪</u>

વાદી:- **(૧) તૈયબાબેન અહેમદભાઈ ડાહ્યા તે**

ડાહ્યા અહેમદભાઈ ગફુરભાઈની પત્ની

ઉ.આ.વ.:- ૪૫, ઘંઘો: ઘરકામ, ઘર્મે -મુસલમાન,

(૨) મહમદભાઈ અહેમદભાઈ ડાહ્યા

ઉ.આ.વ.:- ૨૪, ઘંઘો: નોકરી, ઘર્મે -મુસલમાન,

(૩) મકસુદભાઈ અહેમદભાઈ ડાહ્યા

ઉ.આ.વ.:- ૨૦, ઘંઘો: મજુરી, ઘર્મે -મુસલમાન,

(૪) હમીદાબેન અહેમદભાઈ ડાહ્યા

ઉ.આ.વ.:- ૨૩, ઘંઘો: ઘરકામ, ઘર્મે -મુસલમાન,

(૫) અફસાનાબેન અહેમદભાઈ ડાહ્યા

ઉ.આ.વ.:- ૨૨, ઘંઘો: ઘરકામ, ઘર્મે -મુસલમાન,

<u>વિરૂઘ્ઘ</u>

પ્રતિવાદી:- **(૧) મહમદ હનીફ ઉર્ફે મહંમદભાઈ કાદરભાઈ બંગા**

ઉ.આ.વ- ૩૪, ઘંઘો- વેપાર, ઘર્મે :- મુસલમાન,

રહે:- ઘાંચીવાડા, મેઘરજ, તા. મેઘરજ, જી. - અરવલ્લી

(૨) પંડયા સાગરકુમાર ભુપેન્દ્રભાઈ,

ઉ.આ.વ- ૨૮, ઘંઘો- નોકરી, ઘર્મે- હિન્દુ,

રહે:- પેટ્રોલપંપની પાછળ, જલારામ સોસાયટી, મેઘરજ,

તા. મેઘરજ, જી. અરવલ્લી.

(૩) લલીતાબેન શંકરભાઈ તરાળ,

ઉ.આ.વ– ૪૪, ધંધો– નોકરી, ધર્મે– હિન્દુ,

રહે:– મુ.પો. ઈટવા, તા. મેઘરજ, જી. અરવલ્લી.

----------------------------------- -------

રે.મુ.નં ૨૫/૧૪

બાબત:– રૂા, ૩૦૦/– આંકથી ડેકલેરેશન તથા કાયમી મનાઈહુકમ મેળવવાનો

રે.મુ.નં ૨૭/૧૪

બાબત:– વેચાણ દસ્તાવેજો રદ કરાવવા તથા ડેકલેરેશન તેમજ મનાઈહુકમનો

----------------------------------- -------

વાદીપક્ષે વિ.વ.શ્રી એસ.એન. ઉપાધ્યાય

પ્રતિવાદીપક્ષે વિ.વ.શ્રી એસ.આર.ભરવાડ

સદર કામે રે.મુ.નં ૨૫/૨૦૧૪ અને રે.મુ.નં ૨૭/૨૦૧૪ બંને દિવાની દાવા એક જ મિલકત સબંધી છે. આમ, તેની વિષય વસ્તુ એક જ હોય બંને દાવા કોન્સોલીડેટ કરી દાવાની કાર્યવાહી એક સાથે ચલાવવાનો રે.મુ.નં ૨૫/૨૦૧૪ ના દાવામાં આંક– ૪૭ ની અરજી અનુસંધાને મારા પુરોગામી જજશ્રીએ હુકમ કરેલ છે. જેથી સદર બંને દાવાઓના પુરાવાઓ રે.મુ.નં ૨૫/૨૦૧૪ ના દાવામાં નોંધવામાં આવેલ છે અને સદર બંને દાવાના હુકમો એક ચુકાદામાં કરવામાં આવેલ છે.

–: જજમેન્ટ :–

(૧) આ કામના **રે.મુ.નં ૨૫/૨૦૧૪**ના વાદીની દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદીએ મેઘરજ ગામની સીમમાં સર્વે નં. ૭૫ માંથી પ્લોટ નં. ૮ (ક્ષેત્રફળ ૭૮.૯૯ ચો.મી.) પંડ્યા સાગર ભુપેન્દ્રકુમાર પાસેથી રજીસ્ટર

વેચાણ દસ્તાવેજ નં. ૧૪૫૪, તા. ૧૩/૦૫/૨૦૦૮ દ્વારા કાયદેસર ખરીદ કર્યો છે અને તેનો કબ્જો તથા ભોગવટો સંભાળી રહ્યો છે. આ મિલ્કતની માલિકીની ચેઇન મુજબ પંડ્યા સાગર ભુપેન્દ્રકુમારએ આ પ્લોટ બંગા મહમદભાઈ કાદરભાઈ પાસેથી (દસ્તાવેજ નં. ૧૮૩૯, તા. ૧૭/૧૧/૨૦૦૫) અને તેમણે ડાહ્યા અહેમદભાઈ ગફુરભાઈ પાસેથી (દસ્તાવેજ નં. ૧૪૫૧, તા. ૨૭/૦૯/૧૯૯૬) ખરીદેલો હતો. વાદીએ તેની વેચાણ નોંધ વર્ષ ૨૦૦૮ માં દાખલ કરાવી હતી, પરંતુ રેવન્યુ અધિકારીઓએ નોંધ નં. ૨૮૪૬, તા. ૨૪–૦૪–૨૦૦૯ ખોટા કારણોસર રદ કરી હતી. ત્યારબાદ વાદીએ જરૂરી દસ્તાવેજો રજૂ કરીને નોંધ નં. ૩૬૬૭ ફરીથી દાખલ કરી. તે દરમ્યાન આ કામના પ્રતિવાદી નં. ૧એ ખોટી રીતે પ્લોટ પર પોતાનો હક બતાવી વિવાદ ઉભો કર્યો અને પ્રતિવાદીઓએ બળજબરીથી પાયા ખોદી બાંધકામ શરૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેથી વાદીએ હાલનો દાવો કરી દાદ માંગેલ છે કે, (૧) મોજે ગામ મેઘરજની સીમના બિનખેતીના સ.નં. ૭૫ પૈકીના પ્લોટ નં. ૮ ક્ષેત્રફળ–૭૮.૯૯ ચો.મી.ના વાદી માલીક છીએ તેવુ જાહેર કરવા દાદ છે. (૨) મોજે ગામ મેઘરજની સીમના બિનખેતીના સ.નં. ૭૫ પૈકીના પ્લોટ નં. ૮ ક્ષેત્રફળ– ૭૮.૯૯ ચો.મી.માં આ કામના પ્રતિવાદીઓ કે તેમના માણસો, નોકરો, ચાકરો, એજન્ટો તેમના હિતેચ્છુઓ પ્રવેશ કરે કરાવે નહી. કોઈપણ પ્રકારનુ બાંધકામ કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ આપવા અમારી દાદ છે.બીજી આપ નામદારને યોગ્ય લાગે તેવી દાદ આપવા નમ્ર અરજ કરેલ છે.

સદર દાવા અંગે પ્રતિવાદીઓને નોટીશ કાઢતા તે નોટીશ તેઓને બજતા તેઓ તેમના વકીલ મારફત હાજર થઈ દાવાઅરજી અને મનાઈઅરજીનો સંયુકત જવાબ આંક– ૧૩ થી રજુ રાખેલ છે. જેમાં પ્રતિવાદીઓએ વાદીના દાવાને નકારી કાઢ્યો છે અને દાવો નોન–જોઈન્ડર તથા મિસ–જોઈન્ડરથી ખોટો હોવાનું જણાવ્યું છે, કારણ કે મૂળ વેચાણદારોને પક્ષકાર બનાવવામાં

આવ્યા નથી. તેમણે દલીલ કરી કે મૂળ વેચાણ દસ્તાવેજ (તા. ૨૭–૦૯–૧૯૯૬) બંગા મહંમદહનીફ કાદરભાઈ દ્વારા કરવામાં આવ્યો હતો ત્યારે તે સગીર (લગભગ ૧૬ વર્ષથી ઓછા) હોવાથી તે કરાર કાયદેસર રીતે અમાન્ય (void) છે, તેથી ત્યારબાદના તમામ વેચાણ દસ્તાવેજો પણ ગેરકાયદેસર અને અમાન્ય બને છે અને વાદીને કોઈ હક મળતો નથી. પ્રતિવાદીઓએ વધુમાં જણાવ્યું કે આ દસ્તાવેજો બનાવટી, કબજા વગરના અને કાયદાની જોગવાઈઓ વિરુદ્ધ છે તેમજ વાદી બોનાફાઈડ ખરીદદાર નથી. રેવન્યુ નોંધો અને અપીલ પ્રક્રિયામાં પણ વાદીને રાહત મળી નથી અને ઘણી બાબતો કોર્ટથી છુપાવવામાં આવી છે, તેથી દાવો સપ્રેશન ઓફ ફેક્ટ્સ, જ્યુરિસ્ડિક્શન અને લિમિટેશનના આધાર પર પણ રદ થવાનો પાત્ર છે. પ્રતિવાદીઓનો દાવો છે કે પ્લોટ તેમના પતિના માલિકી અને કબ્જામાં હતો અને તેમના અવસાન પછી તેઓ વારસાઈથી કાયદેસર કબજો ધરાવે છે અને લાંબા સમયથી શાંતિપૂર્વક ભોગવટો કરે છે. તેમણે આ પણ આક્ષેપ કર્યો કે મૂળ વેચાણ દસ્તાવેજ બનાવટી અને ફોર્જરીથી તૈયાર કરાયો છે. તેઓએ ગ્રામ પંચાયતથી બાંધકામની મંજૂરી મેળવીને કામ શરૂ કર્યું છે અને વાદીની મનાઈ અરજી સ્વીકારવામાં આવે તો તેમને અપૂર્ણનીય નુકસાન થશે, તેથી વાદીનો દાવો અને અરજી ખર્ચ સહિત રદ કરવાની માગણી કરવામાં આવી છે.

(૨) રે.મુ.નં ૨૭/૧૪ ના વાદીએ તેમની દાવાઅરજીની ટુંકમાં હકીકત એવી જણાવેલ છે કે,મેઘરજ ગામના સ.નં. ૭૫ ના પ્લોટ નં. ૮ પર મૂળ માલિકી અને કબજો વાદી નં. ૧ ના પતિનો હતો, જેમના અવસાન (૨૨–૧૨–૨૦૦૧) બાદ આ મિલ્કત વારસાઈથી વાદીઓના નામે આવી અને તેઓ સતત કબ્જા તથા ભોગવટામાં છે. વાદીઓનો આક્ષેપ છે કે પ્રતિવાદી નં. ૧ ના પિતાએ વાદીના પતિની નબળી સ્થિતિનો લાભ લઈ ખોટી સહીથી ૧૯૯૬ માં બનાવટી વેચાણ દસ્તાવેજ તૈયાર કર્યો, જ્યારે પ્રતિવાદી પણ તે

સમયે સગીર હતા, જેથી તે દસ્તાવેજ કાયદેસર અમાન્ય છે. ત્યારબાદ ૨૦૦૫ અને ૨૦૦૮ ના અનુસંગી વેચાણ દસ્તાવેજો પણ કબજા વગર અને હક વગર કરાયેલા હોવાથી નલ એન્ડ વોઈડ છે. આ તમામ વેચાણ દસ્તાવેજના વ્યવહારો ફ્રોડ અને ફોર્જરી પર આધારિત છે અને તેમને તેની જાણ ઘણાં વર્ષો બાદ થઈ છે. આમ, હાલનો દાવો કરી વાદીએ દાદ માંગેલ છે કે,(એ) મોજે મેઘરજ, તા.મેઘરજ ના બીનખેતી સ.નં. ૭૫ પૈકી પ્લોટ નં.૮ ના વાદીઓ સ્વતંત્ર માલિક કબજેદાર છીએ તેવું ઠેરવવા (બી)મોજે મેઘરજના બીનખેતી સ.નં.૭૫ પૈકી પ્લોટ નં.૮ વાળો દાવાવાળા પ્લોટનો પ્રતિવાદી નં.૧ નાએ ઉપજાવી કાઢેલ કબજા વગરનો તથા હક અધિકાર વગરનો ગેરકાયદેસરના વેચાણ દસ્તાવેજ, મોડાસા સબ રજીસ્ટાર કચેરીના દસ્તાવેજ નં.૧૪૫૧ તા.૨૭/૦૯/૧૯૯૬ નો ખોટો, ગેરકાયદેસરનો, કબજા વગરનો, બીન અવેજી ઉપજાવી કાઢેલ તેમજ અમો વાદીઓના હક–હિત વિરોધી છે તેવું ઠેરવી, તે રદ જાહેર કરવા (સી) પ્રતિવાદી નં.૧ નાએ. હક અધિકાર વગર તથા કબજા વગર દાવાવાળા પ્લોટ નં.૮ નો મોડાસા સબ રજીસ્ટાર કચેરીના વેચાણ દસ્તાવેજ નં.૧૮૩૯ તા. ૧૭/૧૧/૨૦૦૫ તથા પ્રતિવાદી નં.૨ નાએ પ્રતિવાદી નં.૩ ને કરી આપેલ મોડાસા સબ રજીસ્ટાર કચેરીના વેચાણ દસ્તાવેજ નં.૧૪૫૪ તા.૧૩/૦૫/૨૦૦૮ ના પણ ખોટા, હક અધિકાર વગરના ગેરકાયદેસરના, કબજા વગરના છે તેવું ઠેરવી, અ બન્ને દસ્તાવેજો રદ જાહેર કરવા (ડી) મોજે– મેઘરજ, તા.મેઘરજ ના બીનખેતી સ.નં.૭૫ પૈકીના દાવાવાળા પ્લોટ નં.૮ પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના માણસો, એજન્ટો, મુખત્યારો કોઈ અડચણ; અંતરાય કે હેલો–હરકત કરે કરાવે નહી તેમજ વાદીઓ પાસેથી તેનો કબજો લે–લેવડાવે નહી તેવો આ દાવો ચાલે ત્યાં સુધી વચગાળાનો તથા દાવો ચાલી ગયે કાયમી જાથુનો મનાઈહુકમ પ્રતિવાદીઓ વિરુધ્ધ આપવાનો હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

સદર દાવાનો પ્રતિવાદીઓને નોટીશ બજતા તેઓ તેમના વકીલ મારફ્ત હાજર થઈ પ્રતિવાદી નં ૧ નાઓએ તેમનો જવાબ આંક– ૨૬ થી રજુ રાખેલ છે.

તેમના જવાબની ટુંકમાં હકીકત એવી છે કે, તેઓએ વાદીઓના તમામ આક્ષેપોને ખોટા ગણાવી દાવો નકારી કાઢ્યો છે અને જણાવ્યું છે કે પ્લોટ નં. ૮ નું વેચાણ વર્ષ ૧૯૯૬ માં વાદી નં. ૧ ના પતિએ સંપૂર્ણ સજાગ અને સ્વસ્થ સ્થિતિમાં, યોગ્ય અવેજ મેળવી કાયદેસર રીતે રજીસ્ટર દસ્તાવેજ દ્વારા કર્યું હતું. ત્યારબાદ આ મિલ્કત અનુસંગી રીતે ૨૦૦૫ અને ૨૦૦૮ માં પણ કાયદેસર રીતે વેચાણ થતી ગઈ છે અને હાલના પ્રતિવાદી કાયદેસર માલિક તથા કબ્જેદાર છે. પ્રતિવાદીઓએ ફોર્જરી, સગીરતા અને દારૂના વ્યસન અંગેના તમામ આક્ષેપોને નકારી કાઢ્યા છે અને જણાવ્યું છે કે તમામ દસ્તાવેજો સબ-રજીસ્ટ્રાર કચેરીમાં નિયમ મુજબ નોંધાયેલા છે. તેઓનો વધુ દાવો છે કે વાદીઓએ વર્ષો બાદ, જમીનના વધતા ભાવને ધ્યાનમાં રાખીને અને નાણાં પડાવવાના ખોટા ઈરાદે સમયમર્યાદા બહાર આ દાવો દાખલ કર્યો છે.

ત્યારબાદ પ્રતિવાદી નં ૩ નાએ આંક– ૩૦ થી પોતાનો જવાબ રજુ રાખી એવી હકીકત જણાવેલ છે કે, વાદીના દાવાને પક્ષકારોનો બાધ નડે છે. વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે. વેચાણ વ્યવહાર થ્અયાના ૧૯ વર્ષ બાદ હાલનો દાવો કરેલ છે. પ્રતિવાદી નં ૩ નાએ વાદીના દાવાની નોટાભાગની હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, પ્રતિવાદ મુજબ વાદીઓની નાણા પડાવવાની દાનત જણાતા તેમની સામે પહેલેથી જ દાવો દાખલ કરવામાં આવ્યો હતો, ત્યારબાદ વાદીઓએ ખોટો પ્રતિદાવો દાખલ કર્યો છે. પ્રતિવાદી નં.૩ એ પ્લોટ નં.૮ કાયદેસર રીતે પૂર્ણ અવેજ ચૂકવી ખરીદ્યો છે અને માલિકી હક મેળવ્યા બાદ નામ ફેરફાર માટે પ્રયત્નો કર્યા, પરંતુ મહેસુલી તંત્રની ભૂલોને કારણે નોંધ થઈ શકી નથી. વાદીઓ દ્વારા ફોર્જરી, દારૂની લત અને ગેરકાયદેસર વ્યવહાર અંગે કરાયેલા આક્ષેપો સંપૂર્ણપણે ખોટા અને સાબિત ન થયેલા છે, જ્યારે તમામ વેચાણ દસ્તાવેજો (૧૯૯૬, ૨૦૦૫ અને ૨૦૦૮) કાયદેસર રીતે નોંધાયેલા છે. વાસ્તવમાં વાદીઓએ લાંબા સમય સુધી કોઈ વિરોધ કર્યો નથી અને વર્ષો બાદ માત્ર નાણા મેળવવાના હેતુથી ખોટો દાવો કર્યો છે. પ્રતિવાદીઓ કાયદેસર માલિક અને

કબ્જેદાર છે, તેથી વાદીઓને કોઈ હક કે અધિકાર નથી અને તેમનો દાવો સમયમર્યાદા બહારનો તથા રદ કરવા અરજ કરેલ છે.

(૩) <u>વધુમાં અત્રે એ નોધવુ ન્યાયોચિત જણાય છે કે, હાલ ના બન્ને દાવાના સંયુક્ત ચુકાદામાં રે.મુ.નં. ૨૫/૨૦૧૪ ના વાદીને તથા રે.મુ.નં. ૨૭/૨૦૧૪ ના પ્રતિવાદીને હવે પછી આ ચુકાદામાં વાદી તરીકે સંબોધેલા છે. તથા રે.મુ.નં. ૨૭/૨૦૧૪ ના દાવાના પ્રતિવાદીને તથા રે.મુ.નં. ૨૫/૨૦૧૪ ના દાવાના વાદીને હવે પછી આ ચુકાદામાં પ્રતિવાદી તરીકે સંબોધેલ છે.</u>

સદર કામે બંને દાવાનો સંયુકત પુરાવો લેવામાં આવેલ છે.તે મુજબ રે.મુ.નં ૨૫/૨૦૧૪ ના દાવા મુજબ વાદીએ નીચે મુજબ તેમનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

–:: <u>મૌખિક પુરાવો</u> ::–

અનુ.નં.	**આંક**	**સાહેદ**
૧	૬૧	વાદી લલીતાબેન શંકરભાઈ કટારાનાઓની સોગંદ પરની જુબાની

–:: <u>દસ્તાવેજી પુરાવા</u> ::–

અનુ.નં.	**આંક**	**દસ્તાવેજની વિગત**
૧.	૮૦	રજીસ્ટર દસ્તાવેજ નં ૧૪૫૪/૨૦૦૮ તા. ૧૩/૦૫/૨૦૦૮
૨.	૮૧	કોર્ટ કમિશ્નર દ્વારા કરવામાં આવેલ પંચનામુ
૩.	૮૨	સર્વે નં ૭૫ પૈકી પ્લો નં ૮ નો ગામ નમુના નં ૭ અને ૧૨ આકારણી દાખલો અસલ
૪.	૯૦	રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં ૧૪૫૧, તા. ૨૭/૦૯/૧૯૯૬
૫.	૯૧	રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં ૧૮૩૯, તા. ૧૭/૧૧/૨૦૦૫

ત્યારબાદ વાદી તર્ફે તેમનો વધુ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ રાખવા વ્યાજબી અને પુરતો સમય આપેલ હોવા છતા વાદીપક્ષે વધુ પુરાવો રજુ ન રાખતા તેમનો વધુ પુરાવો રજુ રાખવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ પ્રતિવાદી તર્ફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા છે.

–:: મૌખિક પુરાવો ::–

અનુ.નં.	આંક	સાહેદ
૧	૫૪	પ્રતિવાદી તૈયાબાબેન અહેમદભાઈ ગફુરભાઈ ડાહ્યાનાઓની સોગંદ પરની જુબાની

–:: દસ્તાવેજી પુરાવા ::–

અનુ.નં.	આંક	દસ્તાવેજની વિગત
૧.	૪૭	સ.નં ૭૫ પૈકી પ્લોટ નં ૮ ના ૭/૧૨ ની નકલ
૨.	૪૮	સ.નં ૭૫ પૈકી પ્લોટ નં ૮માં બાંધકામ કરવા માટે મેઘરજ ગ્રામ પંચાયતે આપેલ બાંધકામની રજાચીઠી
૩.	૪૯	મેઘરજ મામલતદાર આર.ટી.એસ/કે નં ૧૩/૮/૨૦૧૪ ના ઠરાવની સહી સિકકાવાળી નકલ
૪.	૫૦	નાયબ કલેકટર મોડાસાના નં આર.ટી.એસ/ડીલે/અપીલ નં ૨૫/૧૧ ના સહી સિકકાવાળી નકલ
૫.	૫૧	પ્રતિવાદી નં ૧ બંગા મહંમદહનીફ કાદરમીયાના જન્મના દાખલાની નકલ
૬.	૫૨	પ્લોટ નં ૮ નો વેરા ભર્યાની પહોંચ

ત્યારબાદ પ્રતિવાદી તર્ફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. પ્રતિવાદી તર્ફે આંક–૯૨ થી કલોર્જીંગ પુરસીસ રજુ રાખી પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે.

(૫) વાદી તથા પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રીની મૌખીક દલીલો સંભાળવામાં આવેલ છે.

(૬) આ કામે રે.મુ.નં ૨૫/૧૪ માં મારા પુરોગામી જજ શ્રીએ આંક– ૩૨ થી તા. ૦૧/૦૨/૨૦૧૬ ના રોજ સદર દાવાના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઓ ઉપસ્થિત કરેલ છે .

ISSUES

1) Whether Plaintiff proves that she is owner and occupier of Plot no. 8 of Revenue survey no. 75 of village Meghraj–Takula Meghraj of Arvalli District?

2) Whether Plaintiff proves that the Defendants are illegally enters and commit encroachment in suit land?

3) Whether Defendants proves that the sale deed index no. 1451/1996 dated 27/9/1996 and the sale deed index no. 1839/2005 dated 17/11/2005 and the sale deed index no. 1454/2008 dated 13/5/2005 of the suit land are void and revenue entry no 2807 dated 24/11/2008 is genuine?

4) Plaintiffs are entitle for the reliefs prayed in the suit?

5) What order and decree?

તેવી જ રીતે રે.મુ.નં ૨૭/૧૪ માં મારા પુરોગામી જજ શ્રીએ આંક– ૩૭ થી તા. ૦૮/૦૮/૨૦૧૬ ના રોજ સદર દાવાના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઓ ઉપસ્થિત કરેલ છે ?

ISSUES

1) Whether Plaintiffs proves that they are owner and occupier of the suit plot no. 8 of Revenue Survey no. 75 of village Taluka Meghraj as legal heir of Deceased Ahmedbhai Gafurbhai Dahya?

2) Whether Plaintiffs proves that Defendant no. 1 has illegally and behind the back of Plaintiffs, executed false sale deed index пo. 1451 on 27/09/1996 and Defendant no. 1 has illegally and behind the back of Plaintiffs, executed false sale deed index no. 1839 on 17/11/2005 in favour of Defendant no.2 and Defendant no. 2 has illegally and behind the back of Plaintiffs, executed false sale deed index no. 1454 on 13/05/2008 in favour of Defendant no. 3?

3) Whether the suit is barred by law of limitation?

4) Whether the suit is barred by non joinder of necessary parties?

5) Whether the Plaintiffs is entitle for the reliefs prayed?

6) What order and decree?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ અદાલતના નિર્ણયો નીચે મુજબના છે.

<u>રે.મુ.નં ૨૫/૨૦૧૪</u>

મુદ્દા નં.૧ : હકારમાં

મુદ્દા નં.૨ : હકારમાં

મુદ્દા નં.૩ : નકારમાં

મુદ્દા નં.૪ : હકારમાં

મુદ્દા નં.૫ : આખરી હુકમ મુજબ.

<u>રે.મુ.નં ૨૭/૨૦૧૪</u>

મુદ્દા નં.૧ : નકારમા

મુદ્દા નં.૨ : નકારમા

મુદ્દા નં.૩ : નકારમા

મુદ્દા નં.૪ : નકારમા

મુદ્દા નં.૫ : નકારમા

મુદા નં.૬ : આખરી હુકમ મુજબ.

// નિર્ણયો માટેના કારણો //

(૮) રે.મુ.નં ૨૫/૧૪ અને રે.મુ નં ૨૭/૧૪ ના તમામ મુદાઓ એકબીજા સાથે સંકાળાયેલા હોય તમામ મુદાઓની ચર્ચા સંયુકત કરવામાં આવેલ છે.

(૮.૧) વાદીએ હાલનો દાવો દાખલ કરી દાદ માંગેલ છે ત્યારે પુરાવાના કાયદાનો સિદ્ધાંત છે કે " કોઈ પણ વ્યકિત ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદીત

કરે છે તે હકીકતો ના અસ્તિવના આધાર ઉપરથી કોઈ અદાલત કાનૂની અધિકાર અંગે ચુકાદો આપે તો તેણે તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવુ પડશે "અને" જ્યારે કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબિત કરવા એક વ્યક્તિ બંધાયેલી હોય ત્યારે એમ કહેનાર કે તે વ્યક્તિ પર સાબિતીનો બોજો છે." પુરાવાના આ સિંધ્ધાંત મુજબ જ્યારે વાદી દાવો લઈને આવેલ છે ત્યારે દાવામાં જણાવેલ તમામ હકીકતો શ્રેષ્ઠત્તમ પુરાવા વડે સાબિત કરવાનો બોજો વાદીના શીરે રહે છે અને તે જોતાં વાદી જો પોતાનો કેસ શ્રેષ્ઠ અને યોગ્ય પુરાવા વડે સાબિત કરી શકે તો જ માગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર બને છે.

સદર કામે પક્ષકારો તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ, મૌખિક પુરાવાઓ તથા રેકર્ડ વંચાણે લેતા અને પુરાવાઓનુ મુલ્યાકંન આ કામે વાદી લલીતાબેન શંકરભાઈ કટારા નાઓએ આંક-૬૧ થી સરતપાસનુ સોગંદનામુ રજુ રાખેલ છે. જે વંચાણે લેવામાં આવે તો વાદીના દાવામાં કરાયેલ પક્ષ નિવેદનને અનુરૂપ સુસંગત જુબાની રજુ કરેલ છે. તેઓએ તેમની ઉલટતપાસમાં જણાવેલ છે કે, આ કામે પ્લો-ટનો વેચાણ દસ્તાવેજ કરાવેલ તે અગાઉ ટાઈટલ કલીયર સર્ટી મેળવેલ નથી. એ વાતની તેમને ખબર નથી કે તેઓએ વેચાણ દસ્તાવેજ કરાવેલ ત્યારે આ પ્લોટ અહેમદભાઈ ગફુરભાઈ ડાયા ના નામે રેવન્યુ રેકર્ડે ચાલતો હતો. એ વાતની તેમને ખબર નથી કે અહેમદભાઈ ગફુ-રભાઈ ડાયા એ તૈયબા બેનના પતી થાય છે. વધુમાં, વાદી કબુલે છે કે, પ્લોટ નં ૮ પર તેમનો કબજો છે. પરંતુ પ્રતિવાદીએ તેમના પ્લોટ ઉપર પાયાનુ કામ ચાલુ કરેલ અને પંચાયતની મંજુરી લીધેલ પરંતુ તે મંજુરી દસ્તાવેજ આધારે વાદીએ રદ કરાવેલી. વદ્યુમાં, વાદી કબુલે છે કે, વે-ચાણ દસ્તાવેજની નોંધ મામલતદાર દ્વારા રદ કરવામાં આવી હતી અને તે વિરુદ્ધની અપીલ પણ નામંજૂર થઈ છે, જેના પરિણામે હાલમાં પણ રેવન્યુ રેકોર્ડમાં પ્રતિવાદીઓનું નામ બોલે છે. તેમજ જમીન વેચનાર અગાઉના પક્ષકારોને આ દાવામાં જોડવામાં આવ્યા નથી.

(૮.૨) ત્યારબાદ પ્રતિવાદી તૈયાબાબેન અહેમદભાઈ ગફુરભાઈ ડાહ્યાનાઓએ તેમનુ સરતપાસનુ સોગંદનામુ આંક– ૫૪ થી રજુ કરેલ છે. જેમાં તેઓએ તેમના પ્રતિદાવા મુજબની હકીકતો જણાવેલ છે. તેમજ વાદીપક્ષની ઉલટતપાસમાં કબુલે છે કે, તેમના પતિએ હયાતી દરમિયાન કઈ મિલકતો વેચી હતી તેની તેમને જાણ નથી. એ વાતની તે મને ખબર નથી કે, સને ૧૯૯૬ માં મહમદકાદર બંગાને દાવાવાળો પ્લોટ નં.૮ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી મારા પતિએ વેચાણ આપે– લો. તેઓ પતિની સહી પણ ઓળખી શકતા નથી. વધુમાં, પ્રતિવાદી કબુલે છે કે, સ્પેશીફિક પ્લોટ નં.૮ નો વેરો ભરતી હોય તેવી વેરા પા– વતી આ કામે રજુ રા ખેલ નથી. હાલની તારીખે પ્લોટ નં.૮ મારા તેમના નામે નથી. પ્લોટ નં.૮ માં તેઓએ વારસાઈ કરાવેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી. પ્લોટ નં.૮ વારસાઈ હકકે તેમના નામે ચાલતો હોય તેવો કોઈ દસ્ત ાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી.

(૮.૩) સદર કામે રજુ રાખેલ પુરાવાઓનુ મુલ્યાકન કરીએ તો, સદર કામે વાદીપક્ષે રજુ રાખેલ દસ્તાવેજ નં ૧૪૫૪, તા. ૧૩/૦૫/૨૦૦૮ ના રોજ નો વેચાણ દસ્તાવેજ જોતા પ્લોટ નં ૮ વાદીએ વેચાણ રાખેલ હોવાનુ જણાય છે. આ સબંધે પ્રતિવાદીપક્ષે એવી તકરાર લીધેલ છે કે, “આંક– ૯૦ વાળા દસ્તાવેજ સમયે મહમદભાઈ કાદરભાઈનાઓ સગીર હતા. તે સાબિત કરવા સદર કામે આંક– ૫૧ નો જન્મનો દાખલો રજુ રાખેલ છે. આમ, તેઓ દસ્તાવેજ સમયે પુખ્તવયના ના હોય તેઓ દસ્તાવેજ કરી શકે નહી. જેથી કહેવાતો દસ્તાવેજ ખોટો છે. તેમજ તેમાં પ્રતિવાદી નં ૧ ના પતિની સહી ખોટી છે”. આવી તકરાર અનુસંધાને રેકર્ડ પર રજુ આંક– ૫૧ નો જન્મનો દાખલો ધ્યાને લઈએ તો, તેમાં

નામ **મહંમદ હનીફ કાદરભાઈ બંગા** ની જન્મ તારીખ ૨૪/૦૯/૧૯૮૦ લખેલ છે. જયારે આંક– ૯૦ ના દસ્તાવેજમાં વેચાણ રાખનારનુ નામ **મહંમદભાઈ કાદરભાઈ બંગા,** ઉ.વ.આ. ૧૯ લખેલ છે. જેના પરથી મહંમદ હનીફ કાદરભાઈ અને મહંમદભાઈ કાદરભાઈ બંગાનાઓ બંને અલગ વ્યકિત હોય તેવુ ફલિત થાય છે. પ્રતિવાદીપક્ષે તે બંને એક જ વ્યકિત હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. તેમજ આંક–૫૧ નો જન્મનો દાખલો ઈસ્યુ કરનાર આચાર્યશ્રીને તપાસવામાં આવેલ નથી. જેથી, કહેવાતો આંક– ૫૧ થી રજુ રાખેલ જન્મનો દાખલો પ્રતિવાદીના પતિનો હોય અને તેઓ આંક– ૯૦ વાળા દસ્તાવેજ સમયે સગીર વયના હતા તેવી હકીકત પુરવાર થતી નથી.

(૮.૪) વધુમાં, આ કામે વાદીપક્ષે વેચાણ દસ્તાવેજ નં. ૧૪૫૧ (તા. ૨૭/૦૯/૧૯૯૬), ત્યારબાદનો દસ્તાવેજ નં. ૧૮૩૯ (તા. ૧૭/૧૧/૨૦૦૫) અને અંતે દસ્તાવેજ નં. ૧૪૫૪ (તા. ૧૩/૦૫/૨૦૦૮) રજુ રાખવામાં આવેલ છે. તે દસ્તાવેજો જોતા તે સબ–રજીસ્ટ્રાર કચેરીમાં નિયમ મુજબ નોંધાયેલા હોવાનું ફલિત થાય છે. પ્રતિવાદીપક્ષે એવી તકરાર લેવામાં આવેલ છે કે, “તે દસ્તાવજો ખોટા, ફોર્જરી અથવા ગેરકાયદેસર છે. તેમજ તેમાં પ્રતિવાદી નં ૧ ના પતિની સહી નથી કોઈ ભળતા વ્યકિતની સહી છે.” આ સંદર્ભે જોઈએ તો આંક– ૯૦ ના દસ્તાવેજમાં પ્રતિવાદી નં ૧ ના પતિની સહી ન હોવા અંગે કોઈ પુરાવો પ્રતિવાદીપક્ષ રજુ કરી શકયા નથી. તેમજ તેઓ તેમની ઉલટતપાસમાં કબુલે છે કે, તેઓ તેમના પતિની સહી ઓળખી શકે નહી. તેમજ સને ૧૯૯૬ માં તેમના પતિએ પ્લોટ નં ૮ નો દસ્તાવેજ કોઈ ને કરી આપેલ હોય તો તેની તેઓને ખબર નથી. આમ, પ્રતિવાદી

નં ૧ ને તેમના પતિ દ્વારા તેમની હયાતીમાં કરી આપેલ રજિસ્ટર વેચાણ દસ્તાવેજોની જાણકારીના અભાવે, માત્ર વારસાઈના આધારે આ તકરાર ઉભી કરી હોય તેવુ જણાય છે. જેનો કોઈ નક્કર પુરાવો આ કામે રજુ રાખેલ નથી. આમ, પ્રતિવાદીઓ માત્ર રેકર્ડનો દુરૂપયોગ કરી રહ્યા હોવાનુ જણાય છે. વધુમાં, પ્રતિવાદી નં ૧ પોતાની ઉલટતપાસમાં કબુલે છે કે, તેઓ પ્લોટ નં. ૮ તેમના નામે ચાલતો હોય કે તેના પર તેઓ વેરો ભરતા હોય તેવો કોઈ પણ દસ્તા– વેજી પુરાવો કોર્ટમાં રજૂ કરેલ નથી. વધુમાં, સદર કામે આંક– પર થી વેરા પાવતી રજુ રાખેલ છે. તે વંચાણે લેતા, તે પ્લોટ નં ૮ ની હોવાનુ ફલિત થતુ નથી. વધુમાં, પ્રતિવાદીઓના નામો વારસાઈ હકકે મહેસૂલી દફતરે (૭/૧૨ માં) દાખલ થવાથી કોઈ વ્યક્તિ માલિક બની જતી નથી. માલિકી હક માત્ર વેચાણ દસ્તાવેજથી નક્કી થાય છે. જો ૧૯૯૬માં પ્રતિવાદી નં ૧ ના પતિએ વેચાણ દસ્તાવેજ કરી દીધેલ હોય તો વારસદારોનું નામ રેકોર્ડમાં આવે તો પણ તેઓ કાયદેસરના માલિક ગણાય નહીં. વધુમાં, પ્રતિવાદી નં ૧ ના પતિ અને પ્રતિવાદી નં ૨ થી ૫ ના પિતા એ સને ૧૯૯૬માં જ મિલકત વેચી દીધી હોય, તો ૨૦૦૧માં તેમના મૃત્યુ સમયે તે મિલકત તેમના માલિકીની રહેતી નથી. જે મિલકત પિતાની ન હોય, તે મિલકતમાં વારસદારોને વારસાઈ હક મળી શકે નહીં. માત્ર રેવન્યુ રેકર્ડમાં વેચાણ દસ્તાવેજની નોંધ ન પડવાથી વાદી તેમનો માલીકી હકક ખોઈ બેસતા નથી. આ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી કરવા રેવન્યુ અધિકારીઓ કાયદેસર રીતે બાંધાયેલા છે. કાયદા મુજબ કોઈ પણ વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ થતા તરત જ જમીનના રેકોર્ડ માં મ્યુટેશન એન્ટ્રી કરવી પડે. તેઓ માન્ય નોંધાયેલ વ્યવહારને નકારવા, વિલંબ કરવા અથવા એકતરફી રીતે રદ કરવા માટે

સક્ષમ નથી. અગર કોઈ વ્યકિત રેવન્યુ રેકર્ડમાં દસ્તાવેજ આધારે નામ ચઢાવવા રહી જાય તો પણ તેનો માલીકી હકક પુરો થઈ જતો નથી. હાલના દાવામાં પણ સને ૧૯૯૬ માં ત્યારબાદ સને ૨૦૦૫માં કરેલ દસ્તાવેજ બાદ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી કરવાની રહી ગયેલ છે. ત્યારબાદ સને ૨૦૦૮ માં દસ્તાવેજ થયો ત્યારે રેવન્યુ રેકર્ડે તેની એન્ટ્રી કરાવવા જતા તે નોંધ રસ થયેલ છે. તે સંદર્ભે સદર કામે આંક– ૪૯ થી રજુ થયેલ મામલતદારશ્રી મેઘરજનો હુકમ ધ્યાને લઈએ તો, અગાઉ સને ૧૯૯૬ અને ૨૦૦૫ માં થયેલ વેચાણ દસ્તાવેજોની નોંધ રેવન્યુ રેકર્ડ કરવામાં આવેલ નથી. જેથી વાદીના આંક–૮૦ના સને ૨૦૦૮ ના વેચાણ દસ્તાવેજ ની નોંધ રદ કરેલ છે. તેટલા માત્રથી દસ્તાવેજ ખોટો છે તેવુ પુરવાર થતુ નથી અને વાદીનો દાવાવાળા પ્લોટમાં હકક, હિત, હીસ્સો જતો રહેતો નથી.

(૮.૫) વધુમાં, સદર કામે વાદીપક્ષે એવી દલીલ કરવામાં આવેલ છે કે, “મુળ વેચાણ સને ૧૯૯૬ ની સાલમાં થયેલ છે. ત્યારબાદ નો દસ્તાવેજ સને ૨૦૦૫ માં ત્યારબાદ સને ૨૦૦૮માં થયેલ છે. તે દસ્તાવેજ રદ કરવા પ્રતિવાદીઓએ હાલનો પ્રતિદાવો સને ૨૦૧૪ ની સાલમાં કરેલ છે જેથી પ્રતિવાદીનો પ્રતિ દાવો સમયમર્યાદા બહાર છે.” આ સંદર્ભે પ્રતિવાદીના પ્રતિદાવાની હકીકતો જોઈએ તો તેમાં જ જણાવેલ છે કે, તેઓને કહેવાતા દસ્તાવેજ થયાની જાણ સને ૨૦૧૧ ની સાલમાં થયેલ છે. આમ, જયારથી દસ્તાવેજ થયાની જાણ થઈ હોય ત્યારથી સમયમર્યાદા શરૂ થતી હોય છે. જેથી, પ્રતિવાદીનો પ્રતિદાવો સમયમર્યાદામાં હોવાનુ સ્પષ્ટ જણાય આવે છે.

(૮.૬) વધુમાં, વાદીએ તેમની ઉલટતપાસમાં કબૂલ્યું છે કે, દાવાવાળા પ્લોટનો કબજો તેમની પાસે છે. પ્રતિવાદીપક્ષે એવી તકરાર લેવામાં આવેલ છે કે, "દાવો દાખલ કર્યો તે દિવસે દાવાવાળા પ્લોટ નો કબજો પ્રતિવાદી પાસે હતો અને તેઓએ તેમાં પાયા સુધીનુ ચણતર કરેલ છે. તેમજ પંચનામામાં પણ પ્લોટ પર પાયાનું બાંધકામ ચાલુ હતું તેવી હકીક્ત જણાવેલ છે. આમ, દાવાવાળા પ્લોટનો કબજો પ્રતિવાદી પાસે છે." આ સંદર્ભે જોઈએ તો, આંક– ૮૦ ના દસ્તાવેજથી વાદી દાવાવાળી મિલકતના માલીક અને કબજેદાર બનેલ હોવાનુ જણાય છે. આમ, વાદી કાયદેસર ખરીદ ના ર છે. વધુમાં, પ્રતિવાદીએ તેમના પ્રતિદાવામાં જ જણાવેલ છે કે, તેઓને સને ૨૦૦૮ નો દસ્તાવેજ થયાની જાણ સને ૨૦૧૧ ની સાલમાં થયેલાનુ જણાવેલ છે. તેમ છતા પ્રતિવાદીએ સને ૨૦૧૪ ની સાલમાં મેઘરજ ગ્રામ પંચાયત પાસે વારસાઈ હકકની રેવન્યુ એન્ટ્રીનો લાભ લઈ તા. ૦૨/૦૬/૨૦૧૪ ના રોજ બાંધકામની પરવાનગી લીધેલ છે. આમ, પ્રતિવાદીઓને સને ૨૦૧૧ ની સાલમાં દસ્તાવેજો થયાની જાણ થઈ ગયેલ હોવા છતા જાણીજોઈને દાવાવાળી મિલકત ઉપર કોઈ પણ ભોગે પોતાનો હકક સ્થાપિત કરવા પંચાયત પાસે વારસાઈની નોંધથી ખોટી પરવાનગી મેળવી ને બળજબરીથી બાંધકામ શરૂ કરેલ હોવાનુ જણાય છે. તે બાંધકામની પરવાનગી વાદીના ઉલટતપાસમાં જણાવ્યા મુજબ દસ્તાવેજ આધારે તેઓએ રદ કરાવેલ છે. આમ, પ્રતિ વાદીઓ આ દાવાવાળી મિલ્કત અંગે કોઈ કાયદેસર હક સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. જેથી પ્લોટ નં.૮ વાદીના નામે ચાલતો હોય ત્યારે તે જમીનમાં વાદીની સંમતી વિના પ્રતિવાદીઓ બળજબરીથી દાખલ થઈ બાંધકામ કરવાનુ ચાલુ કરેલ હોવાનુ સ્પષ્ટ જણાય આવે છે. તેમજ

પ્રતિવાદીઓને વાદીને તેઓના સદર પ્લોટનો શાંતીપુર્વક ઉપયોગ કરતા રોકવાનો અથવા તેમાં પ્રવેશ કરવાનો કે દબાણ કરવાનો કોઈ જ અધિકાર નથી.

(૮.૭) આમ, ઉપરોકત ચર્ચાના અંતે વાદી મોજે ગામ મેઘરજની સી–મના બિનખેતીના સ.નં. ૭૫ પૈકીના પ્લોટ નં. ૮ ક્ષેત્રફળ–૭૮.૯૯ ચો.મી.ના વાદી માલીક હોવાનુ પુરવાર થાય છે. જેથી **રે.મુ.નં ૨૫/૧૪ ના મુદા નં ૧ નો જવાબ હકારમાં** તથા **રે.મુ.નં ૨૭/૧૪ ના મુદા નં ૧ નો જવાબ નકારમાં** આપવામાં આવે છે. તેમજ પ્રતિવાદીઓએ દાવાવાળી મિલકતમાં બળજબરીથી ઘુસીને બાંધકામ કરતા હોવાનુ પંચનામા પરથી પુરવાર થતુ હોય, **રે.મુ.નં ૨૫/૧૪ ના મુદા નં ૨ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે. વધુમાં, રજુ રાખેલ પુરાવાઓ પરથી સદર કામે રજુ કરેલ વેચાણ દસ્તાવેજ નં ૧૪૫૧/૧૯૯૬, તા. ૨૭/૯/૧૯૯૬, વેચાણ દસ્તાવેજ નં ૧૯૩૯/૨૦૦૫, તા. ૧૭/૧૧/૨૦૦૫ તથા વેચાણ દસ્તાવેજ નં ૧૪૫૪/૨૦૦૮, તા. ૧૩/૦૫/૨૦૦૮ ગેરકાયદેસર કે ખોટા સાબિત થતા નથી . ઉલ્ટાનુ પ્રતિવાદી નં ૧ ના પિતાએ જયારે સને ૧૯૯૬માં દાવાવાળો પ્લોટનો વેચાણ દસ્તાવેજ કરી દીધેલ હોય ત્યારે સને ૨૦૦૮ માં પડેલ વારસાઈ નોંધ નંબર ૨૮૦૭ ગેરકાયદેસર બને છે. જેથી, **રે.મુ.નં ૨૫/૧૪ ના મુદા નં ૩ નો જવાબ નકારમાં** તથા **રે.મુ.નં ૨૭/૧૪ ના મુદા નં ૨ નો જવાબ નકારમાં** આપવામાં આવે છે. વધુમાં, પ્રતિવાદીઓને દસ્તાવેજ થયાની જાણ સને ૨૦૧૧ ની સાલમાં થયેલ હોય અને દસ્તાવેજ થયાની જાણ થાય ત્યારથી સમયમર્યાદા શરૂ થતી હોય ત્યારે પ્રતિવાદીઓનો પ્રતિદાવો સમયમર્યાદામાં છે. જેથી, **રે.મુ.નં ૨૭/૧૪**

ના મુદા નં ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે. વધુમાં, સદર કામે પ્રતિવાદીઓએ તેઓ જેની સામે દાદ માંગતા હતા તેઓએ તેમના પ્રતિદાવામાં જોડેલ હોય પ્રતિવાદીના પ્રતિદાવાને કોઈ નોન જોઇન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડતો હોવાનુ જણાતુ નથી. જેથી, **રે.મુ.નં ૨૭/૧૪ ના કામે મુદા નં ૪ નો જવાબ નકારમાં** આપવામાં આવે છે. આમ, સદર કામે વાદી તેમનો દાવો સાબિત કરી શકેલ હોય અને રે.મુ.નં ૨૫/૧૪ ના મુદા નં ૧ અને ૨ પોતાની તરફેણમાં સાબિત કરી શકેલ છે. તેમજ પ્રતિવાદીઓનો દાવો સમયમર્યાદામાં હોય છતા તેઓ કહેવાતા દસ્તાવેજો ખોટા હોવાનુ સાબિત કરી શકયા નથી. આમ, પ્રતિવાદીઓ તેમના મુદાઓ સાબિત કરી શકેલ નથી. જેથી વાદી તેની દાવાઅરજીમાં જણાવેલ દાદ મેળવવા હકકદાર બનતા હોય, **રે.મુ.નં ૨૫/૧૪ ના મુદા નં ૪ નો જવાબ હકારમાં** આપવામા આવે છે. અને **રે.મુ.નં ૨૭/૧૪ ના મુદા નં ૫ નો જવાબ નકારમાં** આપવામાં આવે છે. તેમજ બંને દાવાનો આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

::આખરી હુકમ::

(૧) વાદીનો રે.મુ.નં ૨૫/૧૪ મંજુર કરવામાં આવે છે. અને પ્રતિવાદીનો પ્રતિદાવો રે.મુ.નં ૨૭/૧૪ નામંજુર કરવામાં આવે છે.

(૨) વાદી મોજે ગામ મેઘરજની સીમના બિનખેતીના સ.નં. ૭૫ પૈકી–ના પ્લોટ નં. ૮ ક્ષેત્રફળ–૭૮.૯૯ ચો.મી.ના માલીક હોવાનુ જાહેર કરવામાં આવે છે.

(૩) પ્રતિવાદીઓને એવો કાયમી મનાઈહુકમ ફરમાવવામાં આવે છે કે, મોજે ગામ મેઘરજની સીમના બિનખેતીના સ.નં. ૭૫ પૈકીના પ્લોટ નં.

૮ ક્ષેત્રફળ– ૭૮.૯૯ ચો.મી.માં તેઓએ જાતે કે તેમના માણસો, નો–કરો, ચાકરો, એજન્ટો તેમના હિતેચ્છુઓ એ પ્રવેશ કરવો નહી કે કોઈ–પણ પ્રકારનુ બાંધકામ કરવુ નહી .

(૪) બન્ને દાવામાં ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.

(૫) રે.મુ.નં. ૨૫/૨૦૧૪ અને ૨૭/૨૦ ૧૪ માં સંયુકત હુકમ મુજબ હુકમનામું દોરવું.

(૬) આ હુકમની એક નકલ રે.મુ.નં. ૨૭/૨૦૧ ૪ ના કામે રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ–૨૭ લી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ નાંરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તેમજ સીક્કો કરીને જાહેર કરવામાં આવ્યો.

તા.૨૭/ ૦૪ /૨૦૨ ૬ **સ્થળ : મેઘરજ**	**(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)** **એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ** **મેઘરજ.** **(જજ કોડ નંબર–જીજે ૦૧૪૦૮)**